ગુજરાત રાજયમાં આવેલ ગુજરાત રાજયના કાયદા નીચે રચાયેલ અને ડીમ્ડ યુનિવર્સિટીઝના કર્મચારીઓની નોકરીની શરતો અંગેની તકરારોના નિવારણ માટે ગુજરાત યુનિવર્સિટીઝ ટ્રિબ્યુનલ, અમદાવાદને હકુમત છે તે બાબતે.....

# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

## સરદારકૃષિનગર

વંચાણે લીધો :- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટીઝ સર્વિસીસ ટ્રિબ્યુનલ, સ્ટેટ ઓફ ગુજરાત, અમદાવાદ પત્ર જાવક નં.ગયટ/પરચ/પ/૧૨૦/૧૨, તા.૨૩/૭/૨૦૧૨.

## -:: પરિપત્ર ::-

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તથા યુનિટ / સબ-યુનિટ અધિકારીશ્રીઓને આથી જણાવવામાં આવે છે કે, ગુજરાત રાજયના કાયદા નીચે રચાયેલી ગુજરાત રાજયમાં આવેલી તમામ યુનિવર્સિટીઝ તથા ડીમ્ડ યુનિવર્સિટીઝના કર્મચારીઓની કન્ડીશન્સ ઓફ સર્વિસને લગતી તકરારોના નિવારણ કરવા માટે ગુજરાત યુનિવર્સિટીઝ સર્વિસીસ ટ્રિબ્યુનલની રચના કરાયેલ છે. આ ટ્રિબ્યુનલને ગુજરાત યુનિવર્સિટીઝ સર્વિસીસ ટ્રિબ્યુનલ એકટ-૧૯૮૩ મુજબ હકુમત છે અને તે મુજબ આવી કોઈ અરજી કે અપીલ રજૂ કરાય તો તે મેઈન્ટેનેબલ છે તેમ અરજી નં.૫/૨૦૧૨ના કેસમાં તા.૩૦-૩૧/૫/૨૦૧૨ના હુકમથી ઠરાવેલ છે. આ ચુકાદા અનુસાર હવેથી ગુજરાત રાજયમાં આવેલ ગુજરાત સરકારશ્રીના કાયદા નીચે રચાયેલ યુનિવર્સિટીઝ તથા ડીમ્ડ યુનિવર્સિટીઝના શૈક્ષણિક (ટીચીંગ) અને બિનશૈક્ષણિક (નોન ટીચીંગ-પટાવાળાથી લઈ રજીસ્ટ્રાર સુધીનો હોદ્દો ધરાવતા) તમામ કર્મચારીઓની કન્ડીશન્સ ઓફ સર્વિસને લગતી તકરારોના નિવારણ માટે આ ટ્રિબ્યુનલને હકુમત છે. જેથી આવી તકરાર બાબતે કર્મચારી / અધિકારીઓ / શિક્ષકો રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટીઝ ટ્રિબ્યુનલ, ગુજરાત રાજ્ય, પ્રથમ માળ, રાજ્ય શિક્ષણ ભવન, પી.આર. ટ્રેનીંગ કોલેજ કેમ્પસ, રાયખડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧ને અરજી / અપીલ કરી શકશે.

સદરહું પરિપત્ર આ વિભાગની ફાઈલ પર માનનીય કુલપતિશ્રીની જરૂરી સંમતી મેળવી બહાર પાડવામાં આવે છે.

(એચ.એન.ખેર)
કુલસચિવ

૮૦૩૫
20 NOV 2012
ઓફીસ-૩ શાખા

જા.નં.લીગલ/ટે.૨/ ૧૪૦૩-૧૨ /૨૦૧૨,
તા.૯/૧૧/૨૦૧૨

નકલ સવિનય રવાના :-

૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ....
૨. કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, ~~આણંદ / જુનાગઢ~~ / નવસારી તરફ ઘટતી કાર્યવાહી સારૂ...
૩. સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ...

નકલ રવાના :-

૧. અત્રેની યુનિવર્સિટીના યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ....
૨. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સ.કૃ.નગર તરફ....
૩. તમામ કર્મચારી યુનિયન તરફ...
૪. આ વિભાગની તમામ શાખાઓ તરફ....
૫. સીલેકટ ફાઈલ / હુકમ ફાઈલ..

19 NOV 2012

જા.નં.નકૃયુ/રજી/અ –૩–૩/૨૧૬૮૨-૭૩૧/૨૦૧૨,
નવસારી

તા. ૩૦/૧૧/૨૦૧૨
૦૧ ૧૨

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના:–</u>

નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ